સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), અમરેલીના મકાન રીપેરીંગના કામો માટે વહિવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/0185/G Section
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૨/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો તા.૧૮/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/ગ/૭/૨૦૨૨-૨૩/૧૨૨૪

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમાજના અન્ય હરોળના વિદ્યાર્થીઓની જેમ જ શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહીને અભ્યાસ કરી શકે તે માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૮/૦૩/૨૦૨૩ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સરકારી કન્યા છાત્રાલય(અનુસૂચિત જાતિ), જિ.અમરેલીના હોસ્ટેલ મકાન ફરતે વાયર ફેન્સીંગના રીપેરીંગ કામો કરવા માટે કુલ રૂ.૩,૫૭,૪૦૦/-(અંકે રૂપિયા ત્રણ લાખ સત્તાવન હજાર ચારસો પુરા)નો ખર્ચ કરવાની વહિવટી મંજૂરી આપવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, સરકારી કન્યા છાત્રાલય(અનુસૂચિત જાતિ), જિ.અમરેલીના હોસ્ટેલ મકાન ફરતે વાયર ફેન્સીંગના રીપેરીંગ કામો માટે રૂ.૩,૫૭,૪૦૦/-(અંકે રૂપિયા ત્રણ લાખ સત્તાવન હજાર ચારસો પુરા)નો ખર્ચ કરવાની વહિવટી મંજૂરી નીચે મુજબની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧)આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્ય સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મુડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ , પેટા સદર – ૦૪ SCW-32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશન ની જોગવાઈઓમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અ.મુ.સ.શ્રી(સા.ન્યા)ની તા.૦૫/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

Signature Not Verified
Signed by: Santoshkumar Sureshbhai Vasava
Section Officer

File No: SJED/MSM/e-file/17/2024/0185/G Section
Approved By: Deputy Secretary,G Section,SJED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.અમરેલી
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪